પેટલાદ પાલિકામાં સત્તાનું 'મહાભારત' | ચૂંટણીના એક માસ બાદ પણ કમિટીઓના ઠેકાણાં નહીં

# પેટલાદ પાલિકામાં ભાજપના સભ્યો વચ્ચે મલાઈદાર કમિટી માટે આંતરકલહ તેજ !

**'મલાઈદાર' શાળા** કમિટી મેળવવા સભ્યો વચ્ચે જબરી હુંસાતુંસી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૩

પેટલાદ નગરપાલિકામાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે સત્તાના સૂત્રો તો સંભાળી લીધા છે, પરંતુ અંદરખાને કમિટીઓની વહેંચણીને લઈને ભારે અસંતોષ અને ખેંચતાણનો માહોલ જોવા મળી રહ્યો છે. ગત ૧૯ મેના રોજ પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થયાને એક મહિનો વીતી ગયો હોવા છતાં હજુ સુધી વિવિધ સમિતિઓની રચના થઈ શકી નથી. પાલિકાના વહીવટ પર પકડ જમાવવા અને આર્થિક રીતે 'મલાઈદાર' ગણાતી કમિટીઓ માટે સભ્યો વચ્ચે ચાલતો ગણગણાટ હવે ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેટલાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી ગત 26મી એપ્રિલના રોજ યોજાઈ હતી. જો કે પાલિકાના 9 વોર્ડની 36 બેઠકો પૈકી 10 બિનહરીફ થઈ હતી. જેથી 26 બેઠકોના મતદાન બાદ મત ગણતરી તા.28 એપ્રિલે હાથ ધરાઈ હતી. જેમાં ભાજપને 16 બેઠકો મળતાં કુલ 26 બેઠકો સાથે સ્પષ્ટ બહુમત મળ્યો હતો. જ્યારે કોંગ્રેસ માત્ર બે બેઠકોમાં સમેટાઈ ગઈ હતી. ભાજપને જે 26 બેઠકો મળી તેમાં મહિલા 13 અને પુરૂષ 13 નો સમાવેશ થાય છે. જો જ્ઞાતિ સમીકરણ જોઈએ તો 26 માંથી 7 પટેલ, 5 તળપદા, 2 શાહ, 2 કાછીયા અને 10 ઈતર બેઠકો આવેલ છે. આ 26 પૈકી 10 ઉમેદવારો આ વખતે રીપીટ જીત સાથે એન્ટ્રી લીધેલ છે. જ્યારે 16 સભ્યો પાલિકામાં પ્રથમ વખત ચુંટાયા છે.

આ સ્થિતીમાં પાલિકા પ્રમુખ તરીકે રોટેશન મુજબ ઓબીસી મહિલા અનામત બેઠક હતી. જેના માટે ત્રણેક ઉમેદવારો રેસમાં હતા. પરંતુ પાર્ટી માટે મહત્વનું એ પણ હતું કે ગત પાંચ વર્ષના શાસન દરમ્યાન ભ્રષ્ટાચારના અસંખ્ય આક્ષેપો થયા હતા, તેનું પુનરાવર્તન ના થાય. આવા તમામ પાસાઓનો વિચાર કરીને અંતે બીજી વખત ચુંટાયેલા કોકીલાબેન તળપદાને પાર્ટીએ પ્રમુખ તરીકે પસંદ કર્યા હતા. જ્યારે ઉપપ્રમુખ તરીકે જૈન વણિક સમાજના મનિષ શાહ તથા પાટીદારો પૈકી જય પટેલને કારોબારી ચેરમેનની કમાન સોંપવામાં આવી છે. આ ચુંટણીને લગભગ એક મહિનો થઈ ગયો હોવા છતાં કમિટીઓ માટે હજી સુધી સભા પણ બોલાવી નથી.

આ ઉપરાંત પાલિકાના વહીવટ માટે પણ માથાપચ્ચી ચાલી રહી હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ પાલિકાની સૌથી મલાઈદાર અને સ્વતંત્ર વહીવટ ધરાવતી શાળા કમિટી છે. જેના માટે એક કરતાં વધુ દાવેદારો હોવાથી હુંસાતુંસી હોવાનું જાણવા મળે છે. જ્યારે બાંધકામ, સેનેટરી, સ્ટ્રીટ લાઈટ, ટાઉન પ્લાનીંગ, વોટર વર્કસ જેવી અન્ય કમિટીઓ માટે પણ સભ્યો વચ્ચે ખેંચતાણ ચાલી રહી હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે. જો આ વખતે કમિટીઓ અને વહીવટ સોંપવામાં નેતાઓ ગોથું ખાશે તો અસંતોષ અને રિસામણાંની સ્થિતી સર્જાય તો નવાઈ નહીં !

# આણંદ જિલ્લામાં ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓ પુસ્તકો વિના ભણે છે

**ગૃહકાર્ય, પુનરાવર્તન** અને સ્વઅભ્યાસ માટે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોના અભાવે ભારે મુશ્કેલી




(પ્રતિનિધિ) આણંદ તા ૧૩

નવા શૈક્ષણિક સત્રને એક અઠવાડિયું પૂર્ણ થઈ ગયું હોવા છતાં આણંદ જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓને હજુ સુધી પાઠ્યપુસ્તકો મળ્યા નથી. પરિણામે 'વાંચે ગુજરાત' અભિયાનને પ્રોત્સાહન આપતી શિક્ષણ વ્યવસ્થામાં જ વિદ્યાર્થીઓ પુસ્તક વગર અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

જોકે મોટાભાગની શાળાઓમાં સ્માર્ટ ક્લાસ અને ડિજિટલ બોર્ડની સુવિધા હોવાથી શિક્ષકો ઓનલાઈન સામગ્રીના આધારે અભ્યાસક્રમ શરૂ કરી રહ્યા છે. જોકે ગૃહકાર્ય, પુનરાવર્તન અને સ્વઅભ્યાસ માટે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોના અભાવે ભારે મુશ્કેલી પડી રહી છે. શાળાઓ દ્વારા હાલ લાઈબ્રેરીમાં રહેલા જૂના પુસ્તકોના મર્યાદિત સેટ વિદ્યાર્થીઓને આપવામાં આવી રહ્યા છે. પરંતુ ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતા વર્ગોમાં ૫થી ૧૦ સેટથી જરૂરિયાત સંતોષાતી નથી.

# વડતાલમાં આજે લક્ષ્મી પૂજનનો ઉત્સવ યોજાશે

**પુરુષોત્તમ** માસની પૂર્ણાહુતિના અવસરે કીર્તન આરાધના અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

સુપ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ ખાતે પવિત્ર પુરુષોત્તમ માસની પૂર્ણાહુતિ નિમિત્તે આગામી 14 જૂન, રવિવારના રોજ સાંજે 6:30 કલાકે લક્ષ્મી પૂજન અને ચરણ દર્શનના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવારે સવારે 10:00 વાગ્યે અમાસ પૂર્ણ થતી હોવાથી, શાસ્ત્રોક્ત વિધિ મુજબ લક્ષ્મી પૂજન રવિવારના રોજ રાખવામાં આવ્યું છે.

વડતાલ મંદિરના ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામીના જણાવ્યા અનુસાર, પવિત્ર અધિક માસ દરમિયાન મંદિરમાં 30 દિવસ સુધી સતત 'હરિયાગ' અને બાર માસના ઉત્સવોની પ્રતિકાત્મક રીતે ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવનો હજારો ભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

વધુમાં તેમણે જણાવ્યું કે, બપોરે 3:30 કલાકે મુંબઈના જાણીતા કલાકાર ચિંતનભાઈ મહેતા દ્વારા કીર્તન આરાધના રજૂ કરવામાં આવશે. બાદમાં સાંજે 6:30 કલાકે મુખ્ય લક્ષ્મી પૂજન અને દર્શનનો પ્રારંભ થશે. વડતાલ ધામમાં પુરુષોત્તમ માસની આ ઉજવણીને લઈને હરિભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત સોમવતી અમાસના દિવસે પણ વિવિધ કાર્યક્રમ યોજાશે.

માતરમાં અકસ્માતની અદાવતમાં 4 રાઉન્ડ ગોળીબાર કરી આતંક મચાવ્યો

# માતરમાં નિવૃત PSIના ઘર પર અજાણ્યાના શખ્સોનો ખૂની હુમલો

**વૃદ્ધાના માથા** પર બંદૂક તાકી સ્કોર્પિયોમાં તોડફોડ કરતા ચકચાર



(પ્રતિનિધિ) માતર તા.૧૩

ખેડા-માતર રોડ પર આવેલા જૂના સર્કિટ હાઉસ સામે શનિવારની વહેલી સવારે ગોળીબારની સનસનાટીભરી ઘટના સામે આવી છે. અમદાવાદથી આવેલા કેટલાક શખ્સોએ એક નિવૃત પોલીસ સબ ઈન્સ્પેક્ટરના ઘરને નિશાન બનાવી અંધાધૂંધ ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. અગાઉની એક નજીવી અકસ્માતની તકરારનો બદલો લેવા માટે આ હુમલો કરાયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, માતરમાં રહેતા મુકુંદ ચૌહાણ નામના વ્યક્તિના ઘર પર આજે વહેલી સવારે 4 વાગ્યાના સુમારે હુમલો થયો હતો. અમદાવાદના શખ્સોએ નિવૃત પીએસઆઈના આ ઘર પર આવીને અચાનક ફાયરિંગ શરૂ કરી દીધું હતું. હુમલાખોરોએ માત્ર હવામાં જ નહીં, પરંતુ ઘર પાસે પાર્ક કરેલી સ્કોર્પિયો ગાડી પર પણ ગોળીબાર કર્યો હતો અને ટુ-વ્હીલરને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

આ હુમલો એટલો ગંભીર હતો કે હુમલાખોરોએ અતિશય હિંમત દાખવી મુકુંદભાઈના મમ્મીના માથા પર બંદૂક મૂકી દીધી હતી, જેનાથી પરિવારમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. જૂની અકસ્માતની ઘટનાને લઈને મનમાં રાખેલી અદાવત આજે હિંસક સ્વરૂપે બહાર આવી હતી.

આ ઘટનાની જાણ થતા જ માતર પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે અને ફાયરિંગની આ ગંભીર ઘટનાને લઈ હુમલાખોરોને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# બીવીએમમાં ગ્રેજ્યુએશન સેરેમની ઉજવણી કરાશે

**ગુજરાતની પ્રથમ** એન્જિનિયરિંગ સંસ્થાના આંગણે નવસ્નાતકોને પદવી એનાયત કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

રાજ્યની પ્રથમ એન્જિનિયરિંગ સંસ્થા, બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ૧૪મી જૂન, ૨૦૨૬ના રોજ પોતાનો 78મો સ્થાપના દિવસ ઉજવવા જઈ રહી છે. આ ગૌરવશાળી અવસરે સંસ્થા દ્વારા એક ભવ્ય 'ગ્રેજ્યુએશન સેરેમની'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારોહમાં વિવિધ સ્નાતક, અનુસ્નાતક અને સંશોધન કાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરી તેમના શૈક્ષણિક જીવનના મહત્વપૂર્ણ સોપાનની ગૌરવભેર ઉજવણી કરવામાં આવશે.

સ્વતંત્ર ભારતના તકનીકી વિકાસના સ્વપ્નને સાકાર કરવા ભાઈકાકા અને ભીખાભાઈએ ૧૪મી જૂન, ૧૯૪૮ના રોજ આ પ્રતિષ્ઠિત સંસ્થાનો પાયો નાખ્યો હતો. આ વર્ષની ગ્રેજ્યુએશન સેરેમનીમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ, શિક્ષણવિદો, પૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહી નવસ્નાતકોને પ્રોત્સાહિત કરશે. આ ભવ્ય સમારોહ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરી તેમને પુરસ્કૃત કરવામાં આવશે. આ પ્રસંગે ઉચ્ચ અને તકનીકી શિક્ષણ વિભાગના મંત્રી ત્રિકમભાઈ છાંગા સહિત ધારાસભ્ય કમલેશભાઈ પટેલ, પંકજભાઈ દેસાઈ, યોગેશભાઈ પટેલ વિગેરે હાજર રહેશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડા જિલ્લામાં 'ખેત બચાવો અભિયાન' હેઠળ ૧૮ તાલીમ શિબિરો યોજાઈ



**નડિયાદ** | ખેડા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં રાસાયણિક ખાતરોના સમતોલ ઉપયોગ અને જમીન સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા ૧૮ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કુલ ૭૪૪ ખેડૂતો અને પશુપાલકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કૃષિ નિષ્ણાતો પાસેથી ખેતીની નવીન અને ટકાઉ પદ્ધતિઓનું માર્ગદર્શન મેળવ્યું હતું. 'આત્મા' પ્રોજેક્ટ હેઠળ પ્રાકૃતિક ખેતી, જીવામૃતનો ઉપયોગ અને વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ વિશે ખેડૂતોને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. રાસાયણિક ખેતીને બદલે પ્રાકૃતિક ખેતી અપનાવી જમીનની ફળદ્રુપતા જાળવવા ખેડૂતોને પ્રોત્સાહિત કરાયાં હતાં.

### વ્રજભૂમિ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ફાયર સ્ટેશન ખાતે સેફ્ટી ટ્રેનિંગ મેળવી

**આણંદ** | આણંદ ફાયર બ્રિગેડ ખાતે મોગરની વ્રજભૂમિ સ્કૂલના ૧૨૦ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકોને આગ સામે રક્ષણ અને સાધનોના ઉપયોગની જીવંત તાલીમ અપાઈ હતી. સ્ટેશન ફાયર ઓફિસર ધર્મેશ ગોરની ટીમ દ્વારા આગ બુઝાવવાની પદ્ધતિઓ અને ફાયર અગ્નિશામક યંત્રોના વપરાશ અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વોટર ટેન્ડર અને રેસ્ક્યુ ટેન્ડર જેવા વિવિધ વાહનોની મુલાકાત લઈ નવા સાધનોના લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા પ્રત્યક્ષ સમજૂતી મેળવી હતી. આણંદ ફાયર સર્વિસીસ દ્વારા આયોજિત આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ લાવવાનો છે.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ગળતેશ્વર વન ખાતે 'પ્રાકૃતિક હાટ'નું આયોજન કરાયું : ખેડૂતો - ગ્રાહકોનો ઉત્સાહભેર પ્રતિસાદ



**સેવાલિયા** | 'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત ગળતેશ્વર ખાતે આયોજિત પ્રાકૃતિક હાટમાં પ્રગતિશીલ ખેડૂતો દ્વારા રાસાયણિક ખાતર અને જંતુનાશકમુક્ત શુદ્ધ ખેતપેદાશોનું સફળતાપૂર્વક પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. મંત્રી સંજયસિંહ મહિડા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખેડૂતોને જીવામૃત અને અગ્ન્યાસ્ત્ર જેવા પ્રાકૃતિક ઉપાયો દ્વારા ખેતી ખર્ચ ઘટાડી ગુણવત્તાસભર ઉત્પાદન મેળવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. વક્તાઓએ જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્યના રક્ષણ માટે પ્રાકૃતિક ખેતીને સમયની માંગ ગણાવી, ખેડૂતોને આત્મનિર્ભર બની પર્યાવરણમૈત્રી કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. આ મેળામાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજર રહી સ્વાસ્થ્યવર્ધક પેદાશોની ખરીદી કરી હતી.

### વસોના પીજમાં જન કલ્યાણ શિબિરમાં ૬૪૦થી વધુ લાભાર્થીઓને સરકારી યોજનાઓના લાભો અપાયા



**વસો** | વસો તાલુકાના પીજ ગામે '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જન કલ્યાણના' અભિયાન હેઠળ યોજાયેલ શિબિરમાં ૬૪૦થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં પીએમ સૂર્ય ઘર, વ્હાલી દીકરી અને પીએમ કિસાન સહિતની અનેક યોજનાઓના લાભો એક જ સ્થળે પૂરા પાડવામાં આવ્યા હતા. જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓના હસ્તે લાભાર્થીઓને વિવિધ સહાયના મંજૂરી પત્રો અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ આયોજન દ્વારા સરકારની જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો સંકલ્પ વધુ મજબૂત બન્યો છે.

### મહુધાના નાની ખડોલ ગામે રાજ્યમંત્રીના હસ્તે નવીન પંચાયત ઘરનું ખાતમુહૂર્ત



**નડિયાદ** | મહેસૂલ અને પંચાયત રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ મહુધાના નાની ખડોલ ગામે નવીન પંચાયત ઘરનું વિધિવત ભૂમિ પૂજન કરી ગ્રામીણ વિકાસના કાર્યોનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, નવું પંચાયત ઘર બનવાથી ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓનો લાભ વધુ સરળતા અને અસરકારકતાથી પ્રાપ્ત થશે. આ કાર્યક્રમ દરમિયાન મંત્રીના હસ્તે એક લાભાર્થીને પશુ મૃત્યુ સહાય અંતર્ગત રૂ. ૩૭,૫૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

### ખંભાતમાં બેંક ઓફ ઈન્ડિયાના કિશોર સોનારનું 'રાજભાષા ગૌરવ એવોર્ડ'થી સન્માન કરાયું



**ખંભાત** | નગર રાજભાષા સમિતિ આણંદ અને ONGC ખંભાતના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સમારંભમાં બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર કિશોર સોનારને કાર્યપાલક નિદેશક સુબ્બારાજુના હસ્તે 'રાજભાષા ગૌરવ એવોર્ડ' એનાયત કરાયો હતો. આ પ્રસંગે વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ માટે રાજભાષા સંગોષ્ઠી અને અખિલ ગુજરાત પ્રશ્ન મંચ સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેના વિજેતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહેન્દ્રસિંહ કુશવાહા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને રાજભાષા પ્રભારી કપિલ કુમાર સરોજે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

### ઓડમાં ગોવર્ધન નાથજી મંદિરે ભક્તિભાવપૂર્વક તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવી



**આણંદ** | ઓડ શહેરની બાવાજીની ખડકીના વૈષ્ણવ પરિવાર દ્વારા અધિક જેઠ વદ અગિયારસના પવિત્ર દિવસે શ્રી ગોવર્ધન નાથજી મંદિરે તુલસી વિવાહ મનોરથ ભવ્ય રીતે ઉજવાયો હતો. સવારે નગરના વિવિધ વિસ્તારોમાં તુલસી માઁની શોભાયાત્રા નીકળી હતી, જે નિજ મંદિર પહોંચતા મંદિરના મુખિયાજીએ ભક્તિભાવ સાથે માતાજીને વધાવ્યા હતા. રાત્રે 9 કલાકે યોજાયેલા વિવાહના વિશેષ મનોરથમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ ઉમટી પડી દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક પ્રસંગે મંદિર ટ્રસ્ટ દ્વારા મનોરથી પરિવારનું તિલક અને સ્મૃતિ ચિહ્ન આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

### નડિયાદના સંતરામ મંદિરે 'જિંદગી વન્સ મોર' ફિલ્મની ટીમે આશીર્વાદ મેળવ્યાં



**નડિયાદ** | ગુજરાતી ફિલ્મ 'જિંદગી વન્સ મોર'ના કલાકાર સિદ્ધાર્થ રાંદેરીયા, આરતી પટેલ અને ટીમે નડિયાદના વિશ્વપ્રસિદ્ધ સંતરામ મંદિરની મુલાકાત લીધી હતી. ફિલ્મ પ્રોડ્યુસર વાસુ ધોળકિયા અને અન્ય કલાકારોએ કાચ મંદિર તેમજ સમાધિસ્થાનના દર્શન કરી શીશ નમાવ્યું હતું. તમામ કલાકારોએ પરમ પૂજ્ય મહંત શ્રી રામદાસજી મહારાજ સાથે આધ્યાત્મિક સત્સંગ કરી આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. આ અવસરે સંત શ્રી નિર્ગુણદાસજી મહારાજે ફિલ્મના સભ્યોને રુદ્રાક્ષની માળા અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

### નડિયાદમાં લાયન્સ ક્લબ્સની રિજીયન તથા ઝોન એડવાઈઝરી મીટીંગ યોજાઈ




**નડિયાદ** | લાયન્સ હોલ નડિયાદ ખાતે રિજીયન ચેરમેન મહેશ જોષીના અધ્યક્ષસ્થાને રિજીયન-૮ અને ઝોન ૧-૨-૩ની એડવાઈઝરી મિટીંગો સંપન્ન થઈ હતી. આ પ્રસંગે વાઇસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર નરેશ પટેલ અને અન્ય પદાધિકારીઓએ અંગદાન તેમજ આગામી વર્ષના વિવિધ સેવાકીય પ્રોજેક્ટ્સની માહિતી આપી હતી. આ બેઠક દરમિયાન રિજીયન સેક્રેટરી તરીકે હરીશ પારેખ અને અન્ય ઝોનલ સેક્રેટરીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમુલના વાઇસ ચેરમેન વિજયભાઇ પટેલ સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

### કપડવંજના દમયંતી બાગનું પ્રાકૃતિક કૃષિમાં શ્રેષ્ઠ યોગદાન બદલ સન્માન કરાયું



**કપડવંજ** | ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત કાર્યક્રમમાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે કપડવંજ દમયંતી બાગના તૃપ્તિ હિમાંશુ શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. ગૌ-આધારિત કૃષિ પદ્ધતિના વૈજ્ઞાનિક પ્રમાણિકરણ અને ખેડા જિલ્લાના સેંકડો ખેડૂતોને નિ:સ્વાર્થ ભાવે તાલીમ આપવા બદલ આ વિશિષ્ટ સન્માન એનાયત કરાયું હતું. મંત્રીએ આ કાર્યને ભારતની સનાતન ગૌસંસ્કૃતિને પુન: પ્રતિષ્ઠિત કરવાના અભિયાનમાં અત્યંત પ્રેરણાદાયી, અનુસરણીય અને રાષ્ટ્રહિતકારી ગણાવ્યું હતું. આ પ્રસંગે GCCI પ્રમુખ સંદીપ એન્જીનીયર અને બંસી ગીર ગૌશાળાના સ્થાપક ગોપાલ સુતરિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજ પાલિકાની હોટલ-રેસ્ટોરન્ટ સંચાલકો સાથે બેઠકમાં સ્વચ્છતા પર ભાર મુકાયો



**કપડવંજ** | કપડવંજ નગરપાલિકાના પ્રમુખ સેજલ પટેલ અને ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં હોટલ-રેસ્ટોરન્ટના સંચાલકો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરની સ્વચ્છતા જાળવવા, ગટરમાં કચરો ન ફેંકવા અને સફાઈ અભિયાનમાં સહકાર આપવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. પાલિકાના પદાધિકારીઓએ સંચાલકોને ગ્રાહકોના આરોગ્યને ધ્યાને રાખી શુદ્ધ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી વાપરવા તાકીદ કરી હતી. આ કાર્યક્રમમાં ઉપ-પ્રમુખ અને કારોબારી ચેરમેન સહિતના આગેવાનોએ હાજર રહી વેપારીઓના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.